# તમારી સુખ સંપત્તિમાં કોઈ તકલીફ નહીં પડે



વિક્રમ સંવત ૨૦૬૯ આપના માટ જેમ જેમ પસાર થાય તેમ તેમ અગ્નિપરીક્ષાવાળી બનતી જાય. આપની આરોગ્યની અસ્વસ્થતા તમને પરવશતામાં- બંધનમાં મુકવાના કારણે પોતાની ઈચ્છા, ગણત્રી, ધારણા પ્રમાણેનું કામ કરી શકો નહીં.

- વર્ષ દરમિયાન શનિની નાની અઢી વર્ષની પનોતી લોખંડના પાયે પસાર થવાના કારણે વર્ષ પ્રતિકૂળતાઓમાંથી પસાર કરવું પડે.

-તા. ૨૩-૧૨-૨૦૧૨ માગશર સુદ અગિયારસ, ગીતા જયંતી, મોક્ષદા એકાદશીથી તમે આઠમા રાહુના બંધનમાં આવવાના કારણે જેમ જેમ વર્ષ પસાર થાય તેમ તેમ તમે શારીરિક, માનસિક તકલીફ, ચિંતા, સંઘર્ષથી શાંતિ અનુભવી શકો નહીં. મૃત્યુજનક પરિસ્થિતિ- સંજોગોમાં દિવસ પસાર કરવા પડે તેમ લાગે.

-તા. ૩૧-૫-૨૦૧૩થી ચોથા ગુરૂની પ્રતિકૂળતા શરુ થતા સગા- સંબંધી- મિત્રવર્ગના કારણે, ઘર, પરિવારની ચિંતા- બીમારી, વિવાદ- અશાંતિના કારણે આપને શાંતિ રાહત જણાય નહીં. તા. ૪-૭-૨૦૧૩થી તા. ૧૮-૮-૨૦૧૩ સુધીનો સમય આકસ્મિક ચિંતા ઉપાધિનો રહે.

- તા. ૧૫, ૧૬, ૧૭ નવેમ્બર ૨૦૧૨ તેમજ તા. ૧૭-૧૦-૨૦૧૩થી આસો વદ અમાસ સુધીનો સમય ચિંતા- વિયોગ- બંધન- બીમારી- નુકસાની- આગ અકસ્માત તેમજ પડવા વાગવાથી વાહનથી તકલીફ ચિંતાનો રહે.

## આરોગ્ય સુખાકારી

આ વર્ષમાં આપે આપનું આરોગ્ય સુખાકારીને પ્રાધાન્ય આપવું જરૂરી રહેશે. ખાસ કરીને પેટથી પગ સુધીના ભાગમાં, કમરમાં, ગુદામાં, પેશાબમાં દર્દપીડામાં બેકાળજી રાખવી નહીં. બી.પી., ડાયાબીટીસમાં વિશેષ ધ્યાન રાખવું. વ્યસની વ્યક્તિઓને જીવલેણ બીમારીના ભોગ બનવું પડે. કિડનીની, લીવરની તકલીફ, કેન્સર જેવા વ્યાધિના ચક્કરમાં મૃત્યુજનક પરિસ્થિતિમાં આવી જાવ.

વાહન ચલાવનારે અકસ્માતે પડવા, વાગવાથી તેમજ સામી વ્યક્તિને પડવા- વાગવાથી- ઈજાથી તમારે પરેશાની ભોગવવી પડે. ઘર- પરિવારના મકાન- વાહનના પ્રશ્નમાં, કુટુંબના પ્રશ્નમાં આપ એવી ચિંતા- ઉપાધિમાં અટવાયેલા રહો કે દિવસ ઉગે ને એમ થાય કે આજનો દિવસ કેવો પસાર થશે ! અને સાંજ પડે, રાત પડે ઉંઘ આવશે કે કેમ ? અથવા શાંતિથી રાત્રિ પસાર થશે કે કેમ ? પરંતુ જેમના જન્મના ગ્રહો બળવાન હશે, ભક્તિપૂજા- મંત્રની પ્રબળતા હશે તેમને હેમખેમ વર્ષ પસાર થઈ જાય.

## આર્થિક સુખ - સંપત્તિ :

આ વર્ષમાં આવક કરતા ખર્ચા વધારે રહેવાથી નાણાંકીય ખેંચ- ચિંતા, મુંઝવણ અનુભવાય. તમારી આવકના ક્ષેત્રમાં મુશ્કેલી સર્જાતા આવક આવતી બંધ થવાના કારણે તમારી બચતના નાણાંનો ઉપયોગ કરવો પડે. વર્ષારંભથી જ આપે આપના નાણાંકીય આયોજનમાં સાવધાની- સલામતી અને બચત કરોની નીતિ અપનાવવી જરૂરી રહેશે.

તા. ૨૫-૧-૨૦૧૩થી તા. ૪-૩-૨૦૧૩ દરમ્યાન તેમજ તા. ૪-૭-૨૦૧૩થી તા. ૧૮-૮-૨૦૧૩ દરમ્યાન ચિંતા, નુકસાની, દંડ, શિક્ષા-બંધનના કારણે મુશ્કેલી અનુભવાય. સંયુક્ત મિલ્કતની વહેંચણી- વેચાણના પ્રશ્નમાં સંભાળવું પડે. વાહનચોરી, અકસ્માતના કારણે, આકસ્મિક બીમારીના કારણે, આકસ્મિક બીમારીના લીધે ખર્ચામાં આવી જાય. આ વર્ષમાં નવા નાણાંકીય, રોકાણો- જોખમો ખર્ચાઓ કર્યા વગર તમારી જે આવક આવતી હોય તે આવક સાચવી રાખવા, બચતને જાળવી રાખવાના પ્રયત્નો હિતાવહ રહેશે. તમારા મનુષ્યસર્જિત નિર્ણયોથી નુકસાન થઈ જાય નહીં તેની તકેદાર રાખવી. વાણીથી, લેખિત કાર્યવાહીથી તમે કોઈ બંધનમાં આવી ન જાવ તે માટે વાણીમાં મીઠાશ, ધીરજ, શાંતિ રાખવી, સહી-સિક્કા કરવામાં, લખાણ કરવામાં ધ્યાન રાખવું લોભ- લાલચમાં ફસાવું નહીં.

## પત્ની- સંતાન સુખ :

પત્ની- પુત્રપૌત્રાદિકના ભાગ્યબળથી, નસીબથી તેમજ આપની ભક્તિપૂજાના બળથી આ વર્ષમાં તમારી કાર્યસફળતા- પ્રગતિમાં- સુખ સંપત્તિમાં કોઈ તકલીફ પડે નહીં મકાન- વાહનની ખરીદી થાય. ધર્મકાર્ય- શુભકાર્ય, યાત્રા-પ્રવાસ થાય. વધારાનો ખર્ચ થાય પરંતુ તમે આનંદમાં રહી શકો.

પુત્ર- પૌત્રાદિકના વિદ્યા-ભણતર, વિવાહ-લગ્નના પ્રશ્ને, પિતા- પુત્રના મતભેદના પ્રશ્ને, નોકરી- ધંધાના પ્રશ્ને ચિંતા રહે પરંતુ તેમના ગ્રહયોગોની સાનુકૂળતાથી તેમના પ્રશ્નો ઉકેલાતા આપ હળવાશ રાહત અનુભવો. તમારી શારીરિક કષ્ટપીડાના કારણે, સાંસારિક સુખમાં, પરિવારના સુખમાં તકલીફ અનુભવો. પિતૃપક્ષે બીમારી, ચિંતાનું આવરણ આવી જાય તે સિવાય મનદુઃખ, વિવાદમાં સારા સંબંધો વધુ બગડતા જાય. પૈતૃક મીલ્કતના પ્રશ્નમાં તકલીફ પડે. શનિની પનોતી પિતાના- વડીલવર્ગના આરોગ્યલક્ષી, નોકરી- ધંધાની ચિંતા રખાવે. આ વર્ષમાં પત્ની- સંતાનના સહકારથી, ભાગ્યબળથી તમને રાહત રહે. તેમના સહકાર વગર તમે પરવશતા- બંધન તમારી શારીરિક માનસિક તકલીફના કારણે અનુભવતા હોય તેમ લાગે. પત્ની- સંતાનના વિચારો- સ્વતંત્રતા- આધુનિકતા સામે પણ તમે લાચારી અનુભવો તમારું, અપમાન, ઉપેક્ષા થતી હોય તેમ લાગે. કોઈ કોઈનું નથી તેમ અનુભવાય.

## નોકરીમાં વર્ષ કેવું પસાર થાય?

વર્ષ દરમિયાન શનિની પનોતીની પ્રતિકૂળતા તેમજ આઠમા રાહુના કારણે તમે નોકરીમાં બંધનયુક્ત પરિસ્થિતિ- સંજોગોમાં નહીં ઘરના કે નહીં ઘાટના જેવા થઈ જાવ. લાંચ- ભ્રષ્ટાચાર- ખોટું કરવામાં કોર્ટ કચેરી થાય, શિક્ષા- દંડ- જેલ થાય. નોકરી છીનવાઈ જાય, આવક આવવી બંધ થઈ જાય, જેમનું નિવૃત્તિનું વર્ષ હોય તેમણે તો નોકરીના છેલ્લા દિવસ સુધી પોતાની, કામગીરી જવાબદારીમાં સાવધાની રાખવી. અત્યાર સુધીમાં તમે જે કઠિનાઈ- મુશ્કેલી ન અનુભવી હોય તે આ વર્ષમાં અનુભવાય, તમારો જે પ્રભાવ- વર્ચસ્વ હોય તો આ વર્ષમાં નામશેષ થઈ જાય. આપને અશક્ય લાગતી પરિસ્થિતિ- સંજોગો વાસ્તવિક બની જાય. કાયમી નોકરી હોય તેમના માટે આ વર્ષ અગ્નિપરીક્ષાનું રહે. ઉપરી અધિકારી, સહકાર્યકર વર્ગથી તમે દૂર થતા જાવ. તમારી જીદ- અહમ- અભિમાન, ઘમંડ તમારા પતનનો માર્ગ મોકળો કરતા જાવ અને તમે નોકરી વગરના- કામ વગરના- પગાર વગરના થઈ જાય. તમારી પ્રશંસા કરનારા જ તમારી વિરુદ્ધમાં થઈ જાય. સરકારી- ખાતાકીય કે સંસ્થાકીય કામમાં ઉપરીવર્ગના, સરકારના દબાણમાં ખોટું કામ કરવામાં, ખોટી સહીઓ કરવામાં તેમજ અગાઉ આવા જે કામો કરેલા હોય તેઆ વર્ષમાં તમને ધોળા દિવસે તારા દેખાડે અને તમારી ઉંઘ હરામ થઈ જાય. તમારા પક્ષેથી તમારી પાસે ખોટું કામ કરાવનાર ખસી જાય અને દોષનો ટોપલો તમારા માથે આવી જતા તેના પરિણામો તમારે સહન કરવા પડે.

**- નોકરીમાં બંધનયુક્ત પરિસ્થિતિ- સંજોગોમાં નહીં ઘરના કે નહીં ઘાટના જેવા થઈ જાવ.**

**- તા. ૨૫-૧-૨૦૧૩થી તા. ૪-૩-૨૦૧૩ દરમ્યાન ધંધામાં નુકસાન, ઉઘરાણી બેંકઓડી, લોન તેમજ માણસોની તકલીફના કારણે ભાગીદારની તકલીફ, દબાણના કારણે, હિસાબી પરિસ્થિતિના કારણે તમે શાંતિથી ઊંઘી શકો નહીં.**

આ વર્ષમાં સૌથી અગત્યનું ધ્યાન તમારા આરોગ્યનું રાખવું પડશે. નોકરીની ચિંતા, નોકરીના કામનું ભારણ- પોતાની ક્ષમતા કરતા વધારે કલાકોનું કામ, યાત્રા- પ્રવાસ, ઉજાગરા આ વર્ષમાં તમારી નોકરી કરતા આરોગ્ય માટે હાનિકારક બની જાય અને શારીરિક- માનસિક અસ્વસ્થતા, નોકરીમાં તકલીફ રહે. નોકરી છોડવી પડે કે નોકરી બદલવી પડે અથવા તો ફરજીયાત લાંબો સમય રજા પર રહેવું પડે, નિવૃત્તિની વયમર્યાદા પહેલા નોકરીમાંથી નિવૃત્ત થઈ જવું પડે. રસ્તામાં આવતા જતા વાહન અકસ્માતથી સંભાળવું, બહારનું ખાવાપીવામાં, વ્યસનમાં આ વર્ષ બીમારીનું બનતું જાય. ટૂંકમાં શાંતિથી, પ્રમાણિકતાથી નોકરી કરવી.

## ધંધામાં વર્ષ કેવું પસાર થાય ?

તમે હશો તો તમારો ધંધો હશે તો ધંધામાં રાખવું બીમારીમાં- દેવામાં તમે ધંધાકીય પરિસ્થિતિ સાચવી ન શકતાં તમારું અને તમારા ધંધાનું અસ્તિત્વ જોખમમાં આવી જાય. શનિની અઢી વર્ષની નાની પનોતી લોખંડના પાયે વર્ષ દરમિયાન પસાર થવાના કારણે ધંધાકીય પ્રતિકૂળતાઓ- મુશ્કેલીઓ વધતી જાય. નસીબ યારી આપે નહીં અને તા. ૨૩-૧૨-૨૦૧૨થી આઠમા રાહુના બંધનમાં આવવાના કારણે ત્યાર પછી જેમ જેમ સમય પસાર થાય તેમ તેમ તમારો ધંધો બંધનયુક્ત પરિસ્થિતિમાં આવતો જાય. ભાગીદારીવાળો ધંધો નુકસાનીમાં તોડફોડવાળો થઈ જાય અને તમે મોટી નાણાંકીય ખેંચ- મુશ્કેલીમાં આવી જાય નવો ધંધો કરવાનો, ધંધામાં ફેરફારી કરવાનો, નવો ભાગીદાર શોધવાનો પ્રયત્ન તમારા માટે મૃત્યુ સમાન બની રહે. લોખંડ અન્ય ધાતુ, પત્થર, કાગળ, કાપડ, સોના- ચાંદી, રૂ- સાકર, શિક્ષણ વગેરેના વ્યવસાયમાં દિવસે દિવસે ઉંઘ હરામ થતી જાય.

તા. ૨૫-૧-૨૦૧૩થી તા. ૪-૩-૨૦૧૩ દરમ્યાન ધંધામાં નુકસાન, ઉઘરાણી બેંકઓડી, લોન તેમજ માણસોની તકલીફના કારણે ભાગીદારની તકલીફ, દબાણના કારણે, હિસાબી પરિસ્થિતિના કારણે તમે શાંતિથી ઊંઘી શકો નહીં. તા. ૩૧-૦૫-૧૩થી ગુરૂ ગ્રહ નબળો શરુ થવાથી તેમજ અન્ય ગ્રહોની પ્રતિકૂળતાથી જેમ- જેમ દિવાળી, નજીક આવતી જાય તેમ તેમ તમારા તેમજ તમારા ધંધાના અસ્તિત્વને ટકાવવાની ચિંતા તમને મુંઝવણ રખાવે. આ વર્ષમાં માલનો ભરાવો કરવો નહીં. નહી નફો નહી નુકસાન કે રોકડેથી જે ધંધો થાય તે કરી તમારું તેમજ ધંધાનું અસ્તિત્વ ટકાવી રાખવાની નીતિ જ તમને મોટી આપત્તિ- ચિંતામાંથી ઉગારી શકે પરંતુ તેમાં તમારી ભક્તિ-પૂજા, મંત્ર-જાપ, પરિવારના ગ્રહોની પ્રબળતા તમારી આશાનું કિરણ રહે. તેમજ તમારા મનોબળને ટકાવી રાખે તા. ૪ જુલાઈ ૨૦૧૩થી તા. ૧૮-૮-૨૦૧૩ દરમ્યાન ગાફેલ રહેવું નહીં આસો મહિના દરમિયાન વિશેષ સાવધાની રાખવી. અન્યની દેખાદેખીમાં કોઈ નિર્ણયો કરવા નહીં કોઈના દોરવાયા દોરવાઈ જવું નહીં.

## સ્ત્રી વર્ગ :

સ્ત્રી વર્ગને આરોગ્યની પ્રતિકૂળતા આ વર્ષમાં પરવશ રાખે. પતિ- પુત્રાદિકની ચિંતામાં તેમના આરોગ્યની અસ્વસ્થતામાં, ધાતક બીમારીમાં તમે બંધનમાં અટવાયેલા રહો. વર્ષ દરમ્યાન શનિ, રાહુ, ગુરૂ ગ્રહનું પરિભ્રમણ આપના માટે કષ્ટ-પીડા આપનારું હોવાથી ઘર, પરિવારના, કુટુંબના, સાસરીપક્ષના, પિયર પક્ષના પ્રશ્ને નાની-મોટી ચિંતા ઉપાધિ- ખર્ચ- દોડધામના લીધે આપને શાંતિ રાહત જણાય નહીં. પતિના આરોગ્યની અસ્વસ્થતા, નોકરી- ધંધાની ચિંતા- તકલીફની અસર આપને તેમજ પરિવારને અનુભવાય. તા. ૧૫, ૧૬, ૧૭ નવેમ્બર- ૨૦૧૨ તેમજ તા. ૧૭-૧૦-૨૦૧૩થી દિવાળી સુધીનો સમય વધુ ચિંતા- પ્રતિકૂળતાવાળો રહે. તા. ૨૫-૧-૨૦૧૩થી તા. ૪-૩-૨૦૧૩ દરમ્યાન તેમજ તા. ૪-૭-૨૦૧૩થી તા. ૧૮-૮-૨૦૧૩ દરમ્યાન આકસ્મિક ચિંતા- ઉપાધિ આવી જાય. સગા- સંબંધી કુટુંબ, પરિવાર મિત્રવર્ગના કારણે, વડીલ વર્ગના કારણે, મકાન, જમીન- મીલ્કત- વાહનના પ્રશ્ને, સંયુક્ત પરિવારના પ્રશ્ને એક પછી એક ચિંતા ઉપાધિ આવવાના કારણે આપની ભગવાન પરની શ્રદ્ધા પણ ડગી જાય પરંતુ તમે તમારી ભક્તિ-પૂજા, મંત્ર-જાપના બળથી જ તમારી આપત્તિમાંથી હેમખેમ બહાર નીકળી શકો અને ભગવાન પ્રત્યેની શ્રદ્ધામાં, આત્મવિશ્વાસમાં વધારો થાય, ટૂંકમાં આપનું આરોગ્ય સાચવવું, પડવા વાગવાથી સાચવવું.

## વિદ્યાર્થી વર્ગ :

વિદ્યાર્થી વર્ગ વિદ્યાભ્યાસમાં આ વર્ષ બહુ સંભાળવાનું રહેશે. પોતાના આરોગ્યની અસ્વસ્થતા વાહન અકસ્માતથી ભણવાના સમયમાં રૂકાવટ મુશ્કેલી થાય નહીં તેનું ધ્યાન રાખવુ તે સિવાય હલ્કા મિત્રવર્ગની સોબતમાં, પ્રેમ- મિત્રતા- લાગણીના ખેંચાણમાં- સંબંધમાં તમારી કારકિર્દી તેમજ યશ- પ્રતિષ્ઠાને હાનિ પહોંચે, કારકિર્દીનુ વર્ષ હોય, ઉચ્ચ ડિગ્રી પ્રાપ્તિનું વર્ષ હોય તેમણે વિશેષ સંભાળવું તે સિવાય પરિવારની- કુટુંબની પ્રતિકૂળતાઓ આવવાના કારણે ભણવામાં એકાગ્રતા- સ્થિરતા જળવાય નહીં આર્થિક મુશ્કેલીના કારણે ભણવામાં મુશ્કેલી- રૂકાવટ અનુભવાય, તા. ૧૪-૬-૨૦૧૩થી તા. ૧૮-૮-૨૦૧૩ સુધીનો સમય વધુ સંઘર્ષ- ચિંતાનો રહે, બહારગામની વિદ્યાશાખામાં પ્રવેશ મેળવનારે નવા મિત્રવર્ગની વાતોથી દોરવાઈ જવું નહીં. ફોર્મ- ફી ભરવામાં ચોકસાઈ સાવધાની રાખવી, બીજાના વિશ્વાસે રહેવું નહી.

## ખેડૂત વર્ગ :

ખેડૂત વર્ગને ખેતીવાડીના કામકાજમાં પત્ની, સંતાનના પ્રશ્નમાં, નોકરી- ધંધાના કે રાજકારણમાં આ વર્ષ તકલીફ- મુશ્કેલીમાં પસાર થાય પોતાના આરોગ્યની અસ્વસ્થતાના કારણે ધાર્યું કામકાજ થાય નહીં. ખેતીના કામકાજ દરમ્યાન ઝેરી દવા છંટકાવની ઝેરી અસરથી, ઝેરી જીવજંતુ, જનાવરથી અવશ્ય ધ્યાન રાખવું, દેવું કરીને ખેતી કરવી નહીં, કરાવવી નહીં, ખેતીની જમીન વેચી દેવી નહીં તે સિવાય પશુધન, ખેતીની યંત્ર-સામગ્રીના ખર્ચમાં વધારો થાય. ટૂંકમાં ધનિક ખેડૂત વર્ગને, સામાન્ય મધ્યમવર્ગના ખેડૂતને આ વર્ષ કોઈને કોઈ તકલીફ ચિંતાનું રહે.

## જનરલ સારાંશ :

આ વર્ષમાં એક પછી એક આપત્તિ ચિંતા- ઉપાધિમાં ટકી રહેવા માટે આપે વર્ષારંભથી ભગવાનની ભક્તિ-પૂજા મંત્રજાપ સાથે શનિ- ગુરૂ- રાહુ ગ્રહની પૂજા- મંત્રજાપ કરતા રહેવું જેમના જન્મના ગ્રહો બળવાન હશે પરિવારના ગ્રહો બળવાન હશે તેમને આપત્તિ મુશ્કેલી આવશે પરંતુ ભક્તિ-પૂજા મંત્રજાપના કારણ સૂળીનો ઘા સોયથી ટળી જાય. આપ પરવશતા ન અનુભવો તે માટે તમારા આરોગ્યની સુખાકારી સાચવવી, યોગ- પ્રાણાયામ, કસરત ચાલવું તેમજ નિયમિતતા, ખાવાપીવામાં સાચવવું, સંયમતા રાખવી જરૂરી રહેશે. નોકરી- ધંધાના કાર્યક્ષેત્રમાં જોખમી નિર્ણયો કરવા નહીં.